# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૨/૯/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# હવે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીએ સેલ્ફ સસ્ટેનેબલ માર્કેટ ઓરીએન્ટેડ થવું પડશે : ટેક્ષ્ટાઇલ કમિશનર

## ‘સુરત ટેક્ષ્ટાઇલ્સ કલસ્ટર – નવા બજારોમાં વિકાસ માટે પરિવર્તન’ વિષય ઉપર વેબિનાર યોજાયો

સુરત. ઘી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજ રોજ ‘સુરત ટેક્ષ્ટાઇલ્સ કલસ્ટર – નવા બજારોમાં વિકાસ માટે પરિવર્તન’ વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા નવ નિયુકત ટેક્ષ્ટાઇલ કમિશનર સુશ્રી રૂપ રાશી (IA&AS)એ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીએ સેલ્ફ સસ્ટેનેબલ માર્કેટ ઓરીએન્ટેડ થવું પડશે તેમ જણાવ્યું હતું. વેબિનારમાં વકતાઓ તરીકે અર્ન્સ્ટ એન્ડ યંગ ઇન્ડિયા (ઇ. એન્ડ વાય.)ના પાર્ટનર પરેશ પારેખ અને સાગર શાહે ટેક્ષ્ટાઇલના ઉદ્યોગકારોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના કાર્યવાહક પ્રમુખ દિનેશ નાવડિયાએ સર્વેને આવકારી જણાવ્યું હતું કે, સુરત સહિત દક્ષિણ ગુજરાત એ ભારતનું મેન મેઇડ ફાયબર હબ કહેવાય છે. વિશ્વના MMFના કુલ પ્રોડકશનના ૧૨% જેટલું ઉત્પાદન માત્ર સુરતમાં જ થાય છે. વિશ્વમાં કાપડ માર્કેટની સાઇઝ ૭૫૦ મિલિયન ડોલર જેટલી છે, ત્યારે આજના વેબિનાર થકી આ માર્કેટને ભારત કેવી રીતે વધુમાં વધુ કેપ્ચર કરે? તેના વિશે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને માર્ગદર્શન મળી રહેશે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન સિન્થેટીક ટેક્ષ્ટાઇલના પ્રમુખ ગિરીશ લુથરાએ કોવિડ– ૧૯ને કારણે વર્ષ ૨૦૨૦–૨૧માં સુરતના લૂમ્સ ક્ષેત્રે ૧૧ ટકા જેટલો ડી–ગ્રોથ થવાની સંભાવના વ્યકત કરી હતી. આ સ્થિતિ વર્ષ ૨૦૨૧–૨૨ સુધી સુધરશે. એક અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૨૫ સુધી સુરતમાં ૧૯ મિલિયન મીટર ફેબ્રિક પ્રોડકશન થવાની સંભાવના છે. તેમણે જણાવ્યું હતું કે, સુરતમાં ફેશન ફોરકાસ્ટીગ સેન્ટર અને પ્રોડકટ ડેવલપમેન્ટ સેન્ટર ન હોવાને કારણે ફેબ્રિકના ધંધાનો વિકાસ સીમિત રહયો છે. તેમણે ટેક્ષ્ટાઇલ કમિશનરને સૂચવ્યું હતું કે, કેન્દ્ર સરકારની ૩૦ ટકાની એમ.એસ.એમ.ઇ. માટેની સબસિડી વિવિંગ સેકટર માટે પણ લાગુ કરવી જોઇએ અને તે અંગે સરકાર દ્વારા રૂપિયા ૯ હજાર કરોડનું સુધીનું સુરતના ટેક્ષ્ટાઇલ કલસ્ટરને ડેવલપ કરવા અર્થે દસ વર્ષ પૂરતું પ્રાવધાન કરવું જોઇએ.

ટેક્ષ્ટાઇલ કમિશનર સુશ્રી રૂપ રાશીએ જણાવ્યું હતું કે, ભારત સિન્થેટીક ફેબ્રિકમાં ઘણું આગળ છે પરંતુ તેને હવે વેલ્યુ એડેડ પ્રોડકટ બનાવવી જોઇએ. વિશ્વમાં સિન્થેટીક ફેબ્રિક માર્કેટમાં ભારતનો હિસ્સો માત્ર ૫ ટકા છે. આથી ટેક્ષ્ટાઇલ મંત્રાલય અને તેમની ઓફિસ સુરતના ઉદ્યોગપતિઓને સાથે રાખી ભારતનો હિસ્સો વધારવા જે કઇપણ પ્રયાસ કરવા પડે તે પ્રયાસ કરવા માટે તત્પર છે. ભારતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ આયાત ઉપર ઘણો નિર્ભર રહે છે. તેમણે ઉદ્યોગપતિઓને અનુરોધ કર્યો હતો કે ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઇનમાં આત્મનિર્ભરતા લાવવા જણાવી ટેક્ષ્ટાઇલ મશીનરી ભારતમાં જ બનાવવા ઉપર ભાર મુકયો હતો. તેમણે કહયું હતું કે, હવે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીએ સેલ્ફ સસ્ટેનેબલ માર્કેટ ઓરીએન્ટેડ થવું પડશે. સાથે જ તેમણે ભારતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને સ્ટાન્ડર્ડાઇઝેશન તરફ આગળ વધવા હાંકલ કરી હતી.

પરેશ પારેખે જણાવ્યું હતું કે, કોવિડ– ૧૯ને કારણે વિશ્વની જીડીપીમાં ચારથી પાંચ ટકાનો સંભવિત ઘટાડો થઇ શકે છે. એક સર્વે મુજબ વિશ્વના ૧૭૦ દેશોમાં માથાદીઠ આવકમાં આ વર્ષે ઘટાડો થવાની સંભાવના છે. ભારતની ઇકોનોમી પહેલા V શેપમાં રિકવર થાય એવી સંભાવના હતી, પરંતુ હવે એવું લાગી રહયું છે કે ચીચવો સ્વરૂપમાં થવાની સંભાવના છે અને વૈશ્વિક મંદીના આસાર દેખાઇ રહયાં છે, જેને રિકવર કરતા થોડો વધારે સમય લાગી શકે છે. અન્સ્ટ એન્ડ યંગ દ્વારા વૈશ્વિક સ્તરે એક સર્વે હાથ ધરવામાં આવેલ હતો કે જેમાં ચોંકાવનારી વિગતો સાંપડેલ છે. આ સર્વેમાં વ્યકિતઓ દ્વારા આપેલ પ્રતિક્રિયા પ્રમાણે વિશ્વના ૬૩ ટકા લોકો પોતાની ખરીદવાની આદતમાં બદલાવ લાવશે અને વિશ્વની ૪૦ ટકા જેટલી વસતિ એ માત્ર જરૂરી વસ્તુની જ ખરીદી કરશે. જેના કારણે માંગમાં ઘટાડો થવાની ઘણી સંભાવના છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાં એપેરલ ક્ષેત્રે વેચાણમાં ૨૫થી ૩૫ ટકા જેટલો ઘટાડો આ વર્ષે થાય એવી શકયતા છે. લકઝરી પ્રોડકટ્સમાં નહીવત માંગ રહેવાની સંભાવના છે. સ્પોર્ટી વેર અને લોન્જ વેર કપડાંની માંગ રહેશે. તેમણે ઉદ્યોગપતિઓને જણાવ્યું હતું કે, તેઓ તેમના ઇ–કોમર્સ વેબસાઇટ ઉપર હાજર રહે. કારણ કે, છેલ્લાં બે વર્ષમાં ઓનલાઇન ફેશન આઇટમ પરચેઝીગ કરનારાની સંખ્યા બમણી થઇ છે અને ભારતમાં ઓનલાઇન કપડાં ખરીદ કરવાનું ચલણ વાર્ષિક ૩૦ ટકાના સી.એ.જી.આર. રેટથી વધવાની સંભાવના છે.

સાગર શાહે જણાવ્યું હતું કે, ઉદ્યોગપતિઓએ ભારત સરકારની કસ્ટમ બોન્ડેડ વેર હાઉસ સ્કીમનો વધુમાં વધુ ઉપયોગ કરવો જોઇએ. ઉદ્યોગકારો નવું રોકાણ કરી શકે એના માટે સરકારની આ નવી સ્કીમ છે. જેમાં તેમણે કેપીટલ ઇન્વેસ્ટમેન્ટ ઓછું થઇ જશે તેમ ઉદ્યોગકારોને જણાવ્યું હતું. વધુમાં તેમણે ચાઇના અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ટ્રેડ વોરનો ભારતના કાપડ ઉદ્યોગે લાભ લેવો જોઇએ તેવી સલાહ પણ આપી હતી.

ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ તેમજ ફિયાસ્વીના ચેરમેન ભરત ગાંધીએ જણાવ્યું હતું કે, ચાઇનાની સાથે સાથે બાંગ્લાદેશ અને વિયેતનામ તરફથી ભારતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને ઘણો મોટો ખતરો છે તેમજ તેઓની સાથે સ્પર્ધાત્મક રહેવા માટે આપણા ઉદ્યોગોએ પોતાની ક્વોલિટીમાં સુધારો લાવવો જ પડશે. તેમણે જણાવ્યું હતું કે, સુરતની ટેક્ષ્ટાઇલ માર્કેટ ઘણી વિશેષ હોઇ અહીં મિનિમમ ઓર્ડર કોન્ટીટી (એમ.ઓ.કયુ.) માત્ર ૬૦૦ મીટર છે. જ્યારે ચાઇનાથી કોઇપણ માલ આયાત કરવો હોય તો ઓછામાં ઓછો એક કન્ટેનર લોડ ઓર્ડર કરવો પડે છે. આથી રિટેલરો સુરતથી ડાયરેકટ નાની કોન્ટીટીમાં પણ માલ લઇ શકે છે. અંતે તેમણે ભારત સરકારની ટેક્ષ્ટાઇલ મંત્રાલયની ઇન્ડિયા પાવર ટેક્ષ સ્કીમ અંતર્ગત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોની સબસિડીની ફાઇલ જે છેલ્લાં ત્રણ વર્ષથી પેન્ડીંગ છે તે વિશે રજૂઆત કરી હતી અને આ અંગે યોગ્ય ઘટતું કરવા અપીલ કરી સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.

આ વેબિનારના આયોજનમાં ચેમ્બરની સાથે સહાયક સંસ્થા તરીકે ફેડરેશન ઓફ ઇન્ડિયન સિન્થેટીક ટેક્ષ્ટાઇલ, ફેડરેશન ઓફ ઇન્ડિયન સિલ્ક વિવિંગ ઇન્ડસ્ટ્રી, ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલ્ફેર એસોસીએશન અને ફેડરેશન ઓફ સુરત ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસીએશન જોડાયું હતું.